# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-10-2023** **Evening : 7.10 to 7.20**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા

પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

- રાજ્ય સરકારે ગુજરાત પુનઃપ્રાપ્ય ઉર્જા નિતિ- ૨૦૨૩ની જાહેરાત કરી છે.
- રાજ્યમાં યોજાયેલા આયુષ્યમાન ભવઃ અભિયાનમાં ત્રણ લાખથી વધુ આયુષ્માન કાર્ડ અને દસ લાખથી વધુ આભા કાર્ડ તૈયાર કરાયા છે.
- વાયબ્રન્ટ ગુજરાત- વાયબ્રન્ટ જીલ્લા કાર્યક્રમ અંતર્ગત અરવલ્લી અને અમરેલીમાં કાર્યક્રમો યોજાઇ ગયા.
- આજે વિશ્વ પ્રાણી કલ્યાણ દિવસ છે.. રાજ્યમાં 23 અભ્યારણ્યો, 1 જૈવ આરક્ષિત ક્ષેત્ર અને 4 રાષ્ટ્રીય ઉદ્યાન આવેલા છે.
- કેન્દ્ર સરકારે ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને રાંધણગેસના સિલિન્ડર ઉપર અપાતી સબસિડીમાં 100 રૂપિયાનો વધારો કર્યો છે.
- ICC એક દિવસીય વિશ્વકપ ક્રિકેટ સ્પર્ધાનો આવતીકાલથી અમદાવાદના નરેન્દ્ર મોદી ક્રિકેટ મેદાન પર આરંભ થશે.

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# RENEWABLE ENERGY POLICY

રાજ્ય સરકારે ગુજરાત પુનઃપ્રાપ્ય ઉર્જા નિતિ- ૨૦૨૩ની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઊર્જામંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં આ નવી ગુજરાત પુનઃપ્રાપ્ય ઉર્જા નિતિની જાહેરાત કરી હતી. આ નિતી પવન, સૂર્ય અને હાઇબ્રીડ ટેકનોલોજી પર આધારિત પુનઃપ્રાપ્ય ઉર્જા પ્રોજેક્ટસની સ્થાપનાને પ્રોત્સાહન આપનારી છે. આ નિતિનો સમયગાળો નવી પોલીસી જાહેર થતાં સુધીનો અથવા આગામી ૨૦૨૮ સુધીનો રાખવામાં આવ્યો છે.

એટલું જ નહીં, આ નિતિ અંતર્ગત જમીન પરના સોલાર, રૂફટોપ સોલાર, ફ્લોટીંગ સોલાર, કેનાલ ટોપ સોલાર અને વિન્ડ, રૂફટોપ વિન્ડ અને વિન્ડ-સોલાર હાઇબ્રીડ પ્રોજેક્ટસને આવરી લેવામાં આવશે.

નવી નિતિના કારણે આ ક્ષેત્રે પાંચ લાખ કરોડ રૂપિયાનું રોકાણ થવાની પણ સંભાવનાઓ છે.

મુખ્યમંત્રીએ જાહેર કરેલી આ પોલીસી હેઠળના લાભો પ્રોજેક્ટ શરૂ થવાની તારીખથી ૨૫ વર્ષના અથવા રિન્યૂએબલ પ્રોજેક્ટસના લાઈફ ટાઈમ સમયગાળા પૈકી જે વહેલું હોય તે માટે લાગુ થશે.

આ પોલીસી અન્વયે પ્રોજેક્ટની નોંધણી, માન્યતા, જેવી કામગીરી માટે નોડલ એજન્સી તરીકે ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી કાર્યવાહી કરશે.

# GUJ. CABINET- AAYUSHYMAN

રાજ્યમાં ગત ૧૭મી સપ્ટેમ્બરથી ૨જી ઓકટોબર દરમિયાન સેવા પખવાડિયા તરીકે યોજાયેલા આયુષ્યમાન ભવ: અભિયાનમાં ત્રણ લાખથી વધુ આયુષ્માન કાર્ડનું વિતરણ અને દસ લાખથી વધુ આભા કાર્ડ તૈયાર કરાયા છે.

રાજ્યના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, આરોગ્ય અને સ્વાસ્થય સેન્ટર ખાતે ૧૮ હજાર ૩૦ આરોગ્ય મેળા યોજવામાં આવ્યા, જે આગામી ૩૧ ડિસેમ્બર સુધી દર શનિવારે યોજાશે. ઉપરાંત સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૯૫ તબીબી શિબિરો યોજવામાં આવી છે. જેમાં 182 જેટલી સર્જરી પણ સફળતાપૂર્ણ પાર પાડવામાં આવી. એટલું જ નહિ, મેડીકલ કોલેજ દ્વારા દર ગુરુવારે તબીબી શિબિરોનું આયોજન આગામી ૩૧ ડિસેમ્બર સુધી ચાલુ રહેશે.

મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે, ૨ જી ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ ગ્રામ્ય વિસ્તારો માટે ગ્રામસભા અને શહેરી વિસ્તારો માટે આયુષ્માન સભાઓ યોજાઇ ગઇ. આ ઉપરાંત, સેવા પખવાડિયા દરમિયાન ૧૬ હજાર ૩૮૬ ગ્રામ પંચાયતોમાં આરોગ્ય સભા અને ૯૭૪ રક્તદાન શિબિર પણ યોજાઇ.

ઉલ્લેખનીય છે કે, મિશન "અંત્યોદય"ના સંકલ્પ સાથે રાજ્યના પ્રત્યેક ગામમાં તમામ પ્રકારની આરોગ્ય સેવાઓ પુરી પાડવાનો રાજ્ય સરકારનો લક્ષ્યાંક છે..

# VIBRANT- AMRELI

વાયબ્રન્ટ ગુજરાત- વાયબ્રન્ટ અમરેલી કાર્યક્રમ અંતર્ગત 11 કરોડ 27 લાખ રૂપિયાના પાંચ સમજૂતી કરાર થયા છે. વિધાનસભાના મુખ્ય

નાયબ દંડક અને અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરિયાએ આ કાર્યક્રમમાં અમરેલી જીલ્લામાં સૂર્ય અને પવન ઉર્જાના વિકાસ માટે ઘણી તકો રહી હોવાનું જણાવીને આ ક્ષેત્રે કામગીરી કરવા અનુરોધ કર્યો હતો.

સાંસદ નારણ કાછડીયાએ જણાવ્યું હતું કે, અમરેલી જીલ્લાના 11 પૈકી સાત તાલુકાઓમાં જીઆઇડીસી કાર્યરત છે. લાઠી અને સાવરકુંડલા ખાતે જીઆઇડીસી સ્થાપવા મંજૂરી અપાઇ છે. શ્રી કાછડિયાએ કાંટાના ઉદ્યોગકારોને જીઆઇડીસીમાં સ્થાન મળે તે માટે સરકારમાં રજુઆત કરવાની હૈયાધારણા આપી હતી. આ પ્રસંગે જીલ્લા ઉદ્યોગકારો માટે બેઠકો તથા સ્થાનિક ઉદ્યોગકારો માટે પરિસંવાદ પણ યોજાઇ ગયો.

એવી જ રીતે જીલ્લાના ઉદ્યોગો અને સરકારી વિભાગોનું પ્રદર્શન યોજાયું હતું. જીલ્લા કલેક્ટર દિનેશ ગુટવના હસ્તે વિવિધ યોજનાઓના લાભાર્થીઓને ચેકનું વિતરણ કરાયું હતું.

# VIBRANT- ARVALLI

'વાઇબ્રન્ટ ગુજરાત, વાઇબ્રન્ટ અરવલ્લી' કાર્યક્રમ અંતર્ગત આજે અરવલ્લી જીલ્લામાં સાંસદ દિપસિંહ રાઠોડની ઉપસ્થિતીમાં 566 કરોડ રૂપિયાના છ સમજૂતી કરાર થયા છે.

આ પ્રસંગે સાંસદશ્રીએ જણાવ્યું હતું કે, દેશમાં ઉદ્યોગ ક્ષેત્રે જે રીતે ગુજરાત અગ્રેસર છે, તેમ રાજ્યમાં અરવલ્લી જિલ્લાને પણ રોલ મોડેલ તરીકે વિકસાવાનો પ્રયાસ કરાશે. વાઇબ્રન્ટ ગુજરાત- વાઇબ્રન્ટ સાબરકાંઠા પ્રોગ્રામ અંતર્ગત માર્કેટયાર્ડ હિંમતનગર ખાતે વિવિધ વિભાગો દ્વારા સ્ટોલ ગોઠવવામાં આવ્યા હતા. મહિલા વૃતિકા સહાય યોજના અંતર્ગત પ્રાંતિજ

તાલુકાના વાઘરોટા ગામની 50 બહેનોને બાગાયતી પેદાશોની વિવિધ 40 બનાવટો બનાવતા શીખવાડવામાં આવી હતી.

# KHIJADIYA- ABHYARANY

આજે વિશ્વ પ્રાણી કલ્યાણ દિવસ છે.. પ્રાણીઓના અધિકારોને પ્રોત્સાહન આપવા અને સમગ્ર વિશ્વમાં પ્રાણી કલ્યાણના ધોરણને વધારવા દર વર્ષે 4 ઓકટોબરને વિશ્વ પ્રાણી કલ્યાણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વન્યજીવોની સુરક્ષા માટે દેશમાં અભ્યારણ્યો, રાષ્ટ્રીય ઉદ્યાનો અને જૈવ આરક્ષિત ક્ષેત્રોની રચના કરવામાં આવી છે. તે પૈકી રાજ્યમાં 23 અભ્યારણ્યો, 1 જૈવ આરક્ષિત ક્ષેત્ર અને 4 રાષ્ટ્રીય ઉદ્યાન આવેલા છે.

સમગ્ર દેશમાં ઓકટોબર મહિનાના પહેલા અઠવાડિયાની વન્ય જીવ સપ્તાહ તરીકે ઉજવણી થાય છે. રાજ્યના વન વિભાગ દ્વારા આ સપ્તાહ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.

જામનગર ખાતેના ખીજડીયા પક્ષી અભયારણ્યના પ્રાદેશિક વન અધિકારી દક્ષાબેન વઘાસિયાએ આકાશવાણી સાથે વાત કરતાં આ મુજબ માહિતી આપી....

**(બાઇટ- દક્ષાબેન વઘાસિયા)**

# CABINET-DECISION

કેન્દ્ર સરકારે ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને રાંધણગેસના સિલિન્ડર ઉપર અપાતી સબસિડીમાં 100 રૂપિયાનો વધારો કર્યો છે.

માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગસિંહ ઠાકુરે આજે દિલ્હીમાં પત્રકારો જણાવ્યું હતું કે, હવેથી ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને સિલિન્ડર દીઠ 200 રૂપિયાના બદલે 300 રૂપિયા સબસીડી અપાશે.

## CRICKET-WORLD-CUP

ICC એક દિવસીય વિશ્વકપ ક્રિકેટ સ્પર્ધાનો આવતીકાલથી અમદાવાદના નરેન્દ્ર મોદી ક્રિકેટ મેદાન પર આરંભ થશે.

સ્પર્ધાની પહેલી મેચમાં ઇંગ્લેન્ડ અને ન્યુઝીલેન્ડ વચ્ચે મુકાબલો થશે. જો કે ભારતીય ક્રિકેટ નિયંત્રણ બોર્ડે ઉદ્‌ઘાટન સમારંભ નહીં યોજવાનો નિર્ણય લીધો છે. ભારત સ્પર્ધાની પહેલી મેચમાં આગામી 8મી ઓકટોબરે ઓસ્ટ્રેલિયા સામે રમશે.

## CABINET- TENANCY REGULATION

કેન્દ્રિય મંત્રીમંડળે દાદરા અને નગર હવેલી તથા દમણ અને દિવ સહિત ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં ભાડૂઆત નિયમન ધારામાં સુધારો સૂચવતો વટહુકમ જારી કરવાની દરખાસ્તને મંજૂરી આપી છે. આજે નવી દિલ્હીમાં મળેલી મંત્રીમંડળની બેઠકમાં જણાવાયું છે કે, સૂચિત વટહુકમનો ઉદ્દેશ્ય કેન્દ્રશાસિત પ્રદેશોમાં કોઇપણ એકમ ભાડે આપવાની પ્રક્રિયા પારદર્શક બનાવવી અને આ અંગેની જવાબદેહિતામાં વધારો કરવાનો છે.

તેવી જ રીતે, સૂચિત વટહુકમ મકાન માલિક અને ભાડૂઆત બંનેના હિતોનું રક્ષણ કરશે.

## RUSHIKESH PATEL- PORTAL

રાજ્યમાં નવી શિક્ષણ નિતીના અમલીકરણ માટેની પશ્ચિમ વિભાગની કુલપતિઓની પરિષદ અંગેના વેબ પોર્ટલનો શુભારંભ કરાયો... રાજ્યના ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલે આ વેબ પોર્ટલનો શુભારંભ કરાવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ અન્વયે પ્રી-વાઈબ્રન્ટ સમિટ તરીકે શિક્ષણ વિભાગ ગુજરાત સરકાર દ્વારા નવી શિક્ષણ નિતીના અમલીકરણ માટેની પશ્ચિમ વિભાગની કુલપતિઓની પરિષદ આગામી ૨૬ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે યોજાશે. જેમાં ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, દિવ-દમણ અને દાદરાનગર હવેલી વિગેરે ૦૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની વિવિધ યુનિવર્સિટીઓના કુલપતિઓ, યુનિવર્સિટીઓના શિક્ષણનિતી સંકલનકારો તથા એમ. એસ. યુનિવર્સિટી, બરોડાના ડીન, સરકારી કોલેજોના આચાર્યો ઉપસ્થિત રહેશે.

આ કોન્ફરન્સનમાં રજીસ્ટ્રેશન અને કોન્ફરન્સને લગતી જરૂરી વિગતો દર્શાવતું એક વેબ પોર્ટલ conferencewz.gujgov.edu.in બનાવવામાં આવેલ છે. જેનો આજે મંત્રી ઋષિકેશ પટેલના હસ્તે શુભારંભ કરાયો છે.

# GUJ. VTD

રાજ્યમાં ખનિજ કામગીરી સાથે સંકળાયેલા વાહનોની નોંધણી કરીને ‘વ્હીકલ ટ્રેકિંગ ડિવાઈસ’- VTD એટલે કે વાહન શોધ ઉપકરણ લગાવાની મુદતમાં એક માસનો વધારો કરાયો છે.

આ નિર્ણય મુજબ, રાજ્યમાં ખનિજ કામગીરી સાથે સંકળાયેલા વાહનોને VTD લગાવવાની મુદ્દત આગામી પહેલી નવેમ્બર, ૨૦૨૩ સુધી વધારવામાં આવી છે. રાજ્યના વિવિધ સંગઠનો તરફથી મળેલી રજૂઆતોને ધ્યાનને લઈ VTD લગાવવાની મુદ્દત હવે પહેલી નવેમ્બર-૨૦૨૩ કરવામાં આવી છે તેમ ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનર, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

# CM- MEET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે ગુરુવારે પાંચમી ઓક્ટોબરે મુખ્યમંત્રી કાર્યાલય ખાતે નાગરિકોને મળી વાતચીત કરશે. સામાન્યતઃ અઠવાડિયાના પ્રથમ બે દિવસે એટલે કે સોમવાર અને મંગળવારે નાગરિકો મુખ્યમંત્રીશ્રીને મળી શકતા હોય છે. પરંતુ ઓક્ટોબર-૨૦૨૩ના પ્રથમ સોમવાર ૨જી ઓક્ટોબરે ગાંધી જયંતિની સરકારી કચેરીઓમાં જાહેર રજા હોવાથી આ નિર્ણય લેવાયો છે.

# VANY PRANI SPTAH

વન્યપ્રાણી સપ્તાહ અંતર્ગત આજે મહીસાગર વન વિભાગ લુણાવાડા રેન્જ દ્વારા કલરવ વિદ્યાલયમાં નાયબ વન સંરક્ષકની અધ્યક્ષતામાં વન્યપ્રાણી જાગૃતિ અંગે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.. જેમાં ૬૦થી વધુ બાળકોએ ભાગ લીધો હતો. આ તકે, વન વિભાગની હેલ્પલાઈન ૧૯૨૬ વિષે બાળકોને માહિતગાર કરાયા હતા. આ ચિત્ર

સ્પર્ધામાં ઉત્સાહપુર્વક ભાગ લેનાર વિજેતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે ઈનામ અપાયા હતા.

પંચમહાલ જિલ્લાના ગોધરા પશ્ચિમ રેન્જ વનવિભાગે સામલી અને થાણા ગર્જણ ખાતે બાળકોને વન્ય પ્રાણીઓનું મહત્વ,વન્ય પ્રાણીઓની ઓળખ સહિતના મુદ્દાઓ વિશે માહિતગાર કર્યા હતા.

સાબરકાંઠા જિલ્લામાં શ્રી સરસ્વતી એજ્યુકેશન સંસ્થા વિરાવાડા ખાતે વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવી.. વન વિભાગ દ્વારા નાટક ભજવીને લોકોને વન્યજીવન અંગે સમજૂતી અપાઇ હતી.